# બનાસ ડેરીની ટીમ પણ દેશ ભક્તિનું કાર્ય કરી રહી છે : શંકરભાઈ ચૌધરી

બનાસકાંઠા, તા. ૨૮

એશિયાની સર્વશ્રેષ્ઠ સહકારી ડેરી બનાસ ડેરીએ પશુપાલન થકી બૃહદ બનાસકાંઠા જિલ્લાની રોજગારીનો મુખ્ય સ્ત્રોત છે. હાલના સમયમાં ગ્રામ્ય લોકોના જીવનનો વિકાસ કરવા માટે બનાસ ડેરી હંમેશા સર્મપિત રહી છે. બનાસ ડેરી બનાસવાસીઓના જીવન ધોરણનું ઉત્થાન કરવા માટે ભાગીદારી નોંધાવી રહી છે. સાચા અર્થમાં ખેડૂતોની સેવા એ દેશની સેવા તરીકે મુલવણી કરીને બનાસ ડેરી દ્વારા ૬૯મા રાષ્ટ્રીય પર્વ - ૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનની ઉજવણી દેશ ભક્તિના માહોલમાં ડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરીના વરદ્ હસ્તે તિંરગો લહેરાવી, સલામી આપી, રાષ્ટ્ર ગીતના ગાન સાથે કરવામાં આવી હતી, ત્યારે ડેરીનું સમગ્ર સંકુલ દેશ ભક્તિના નારા સાથે ગૂંજી ઉઠયું હતું.

૨૬ જાન્યુઆરી પ્રજાસત્તાક દિનના અવસરે શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે રાષ્ટ્ર પર્વના દિવસે બીજા લોકો માટે જીવવાની પ્રેરણા મળતી હોય છે અને દરેક નાગરિકના હદયમાં દેશ ભકિતની ભાવના હોવી જોઈએ. રાષ્ટ્ પર્વના દિવસે જે લોકો બીજા માટે જીવ્યા છે તેને યાદ કરવાનો અવસર સાંપડે છે. ભારત દેશે અનેક ચડતી પડતી દેખી છે, અનેક પડકારો ઝીલ્યા છે છતાં પણ આ રાષ્ટ્ર અડીખમ છે તેનું કારણ દેશવાસીમાં સદાય ધબકતી દેશ ભક્તિ છે.



તેઓ વધુમાં જણાવ્યું હતું કે સમયની સાથે દેશ ભક્તિના માપદંડ બદલતા રહ્યા છે, જયારે દેશમાં આઝાદીની ચળવળ ચાલતી હતી ત્યારે વીર સાવરકરને કાળા પાણીની સજા થઈ હતી, દેશવાસીઓએ વિદેશી વસ્તુઓનો બહિષ્કાર કરીને વિદેશી કપડાઓની હોળી કરી હતી, સુભાષચંદ્ર બોઝે આઝાદ હિન્દ ફોઝની રચના કરી હતી, મહાત્મા ગાંધીએ અહિસંક ચળવળ ચલાવી હતી અને આમ નામી -અનામી લોકોએ દેશની આઝાદી માટે બલિદાન આપ્યા હતા. દેશ આઝાદ થયા બાદ પણ સપનાઓ સાકાર કરવા માટે ખૂબ ભારે મહેનત કરવી પડી છે. દેશમાં કોઈ શોષિત ન રહે, કોઈ ગરીબ ન રહે, કોઈ પીડિત ન રહે તે માટે જન કલ્યાકારી કામો કરીને અનેક રીતે વિકાસની દિશામાં આગળ વધી શક્યા છીએ.

# અરવલ્લી જિલ્લાના પ્રભારી મંત્રીનું મોડાસા ખાતે ભાજપના જિલ્લા કાર્યાલયમાં સ્વાગત

મોડાસા, તા.૨૮

અરવલ્લી જિલ્લા ભાજપા કાર્યાલય, મોડાસા ખાતે જિલ્લા પ્રભારી મંત્રી એવા વન અને આદીજાતી વિકાસ મંત્રી રમણભાઈ પાટકરનું પ્રભારી તરીકે નિમણુંક થયા પછી પ્રથમવાર અરવલ્લી જિલ્લાની પ્રથમવાર મુલાકાત લેતા તેમનું જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી અને ટિમ જિલ્લા ભાજપની ઉપસ્થિતિમાં યોજાયેલ બેઠકમાં સ્વાગત કરવામા આવ્યું હતું.




અરવલ્લી જિલ્લા કાર્યાલય ખાતે પ્રભારી મંત્રી રમણભાઈ પાટકર જિલ્લાની મુલાકાત લીધી તે દરમિયાન જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી તથા મહામંત્રી શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ તથા પ્રદેશ કારોબારી સભ્યો, અરવલ્લી જિલ્લાની ૩ વિધાનસભાના ચૂંટણી લડી ચુકેલા ઉમેદવારો તથા પુર્વ ધારાસભ્યો અને જિલ્લાના હોદ્દેદારો, ચુંટાયેલા પદાધીકારીઓ અને કાર્યકર્તા ઉપસ્થીત રહ્યા હતા, ત્યારે જિલ્લા પ્રમુખ અને જિલ્લા મહામંત્રી ધ્વારા તેઓનું સ્વાગત કરવામાં આવ્યું.

મુલાકાત દરમિયાન કાર્યકર્તા તથા હોદ્દેદાર અને પદાધીકારીઓનો પરીચય આપવામાં આવ્યો. ત્યારબાદ જિલ્લો વેગવંતો બનાવવા પ્રભારીમંત્રી ધ્વારા સરકારની વિવિધ યોજનાઓ અને જિલ્લામાં બાકી નીકળતા કામો વિશે ચર્ચા કરવામાં આવી હતી. જે અંગે કાર્યકર્તાએ વ્યક્તી સુધી સરકાર ધ્વારા કરાયેલ કામો અને યોજનાનો પ્રચાર પ્રસાર કરી અને વ્યક્તીનો વિશ્વાસ જીતવા અંગેની વાત કરવામાં આવી અને આગામી દિવસોમાં પરિણામલક્ષી કામ કરવા અંગે જણાવવામાં આવ્યું હતું.



## મોડાસામાં સીનીયર સિટીઝન મેરેથોન દોડ યોજાઈ

અરવલ્લી જિલ્લા રમત-ગમત મંડળ અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા લાયન્સ ક્લબ ઓફ મોડાસા સહીત વિવિધ સંસ્થાઓના સહયોગથી રવિવારે સવારે ૮ કલાકે મોડાસા શહેરના ચાર રસ્તાથી ૩ કીમી સુધી સીનીયર સિટીજન મેરેથોન દોડ યોજાઈ હતી. જેમાં જિલ્લાના ૨૫૦થી વધુ સીનીયર મેરેથોન દોડ સ્પર્ધામાં મહિલાઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# પંચાયતી રાજનું પતન કરનારી ભાજપ સરકારને સબક અપાશે : પરેશ ધાનાણી

## પાલનપુરમાં તાલુકા-જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી અંગે માર્ગદર્શન કાર્યક્રમ

બનાસકાંઠા જિલ્લામાં યોજાનારી તાલુકા- જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી તેમજ નવ નિર્વાચિત ધારાસભ્યોનો સન્માન સમારંભ રવિવારે પાલનપુર ખાતે કાનુભાઈ મહેતા હોલમાં યોજાયો હતો. જેમાં ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા પરેશ ધાનાણીએ જણાવ્યું હતુ કે, વર્તમાન સમયે નર્મદાના પાણી માટે ખેડૂતો તરસી રહ્યા છે. આજ નર્મદા ડેમ ગત વર્ષે ૧૨૧.૮ મીટર ભરાયો હતો. ત્યારે સમગ્ર વર્ષ ખેડૂતો અને ઉધોગોને પુરતા પ્રમાણમાં પાણી મળી રહ્યું હતુ. જ્યારે આ વખતે ડેમમાં પાણી ૧૩૦ મીટર પાણી ભરાયું હતુ. તેમ છતાં પાણીની અછત વર્તાઇ રહી છે. જેની પાછળ ભાજપ સરકાર જ જવાબદાર છે. આ વખતે આઠ મીટર જેટલું પાણી વધુ ભરાયું હતુ. પરંતુ ભાજપ સરકારે નદીઓમાં હોડકા ચલાવી યેનકેન પ્રકારે પાણી વેડફી નાખ્યુ છે. પરિણામે શિયાળામાં જ ખેડૂતો નર્મદાના પાણીના એકએક ટીંપા માટે તરસી રહ્યા છે. ખેડૂતોનો પાણીનો હક પણ સરકારે છીનવી લીધો છે. આ ઉપરાંત મહાત્મા ગાંધીજીએ આપેલા ગ્રામ સ્વરાજ્ય ગામના લોકોને ગામથી, તાલુકા લોકોને તાલુકાથી અને જિલ્લાના લોકોને જિલ્લા પંચાયતથી વિકાસ મળે તેવા લોકશાહીના શાશને ગળે હવે ભાજપ સરકાર ટુંપો આપવા જઈ રહી છે. સર્વે સત્તાઓ તલાટી, ટીડીઓ, ડીડીઓ અને કલેકટરને આપવામાં આવનારી છે.

પંચાયતી રાજના અધિકારમાં સરકારી અધિકારીઓની ડખલગીરી થઈ રહી છે. ભાજપ સરકાર પંચાયતી રાજનું પતન કરવા જઈ રહી છે. પરંતુ આવનારી તાલુકા – જિલ્લા અને નગરપાલિકાની ચૂંટણીઓમાં પ્રજા ભાજપને શબક શિખવાડશે. આ કાર્યક્રમમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકી, એ.આઈ.સી.સી ના મહામંત્રી વર્ષાબેન ગાયકવાડ, પાલનપુર ધારાસભ્ય મહેશભાઈ પટેલ, વાવ ધારાસભ્ય ગેનીબેન ઠાકોર, પૂર્વ સાંસદ જગદીશભાઈ ઠાકોર, જિલ્લા પ્રમુખ જાકીરભાઈ ચૌહાણ, બનાસકાંઠા જિલ્લા પંચાયત વિરોધપક્ષના નેતા લક્ષ્મીબેન કરેણ સહિત કોંગ્રેસના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### કોંગ્રેસના વફાદાર સૈનિકોને ટિકીટ અપાશે

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ જણાવ્યું હતુ કે, તાલુકા- જિલ્લા પંચાયત અને નગરપાલિકાની ચૂંટણી માટે સંગઠન જ ઉમેદવારોની પસંદગી કરશે. જેમાં પણ ભૂતકાળને ધ્યાને લઈ કોંગ્રેસના અદના વફાદાર સૈનિકોને ટિકીટ અપાશે. તેમને ચૂંટણી લક્ષી સાહિત્ય સહિતના મુદ્દે પ્રદેશ કક્ષાએથી મદદ પણ કરવામાં આવશે. જોકે, વર્તમાન સમયે એક કરતાં વધુ સંખ્યામાં ઉમેદવારો સામે આવી રહ્યા છે પરંતુ જ્યારે પાર્ટી દ્વારા ટિકીટ આપવામાં આવે ત્યારે માત્ર કોંગ્રેસના કાર્યકર બની તમામે સાથે મળી જેમ વિધાનસભામાં પરિણામ મેળવ્યું તેમ પરિણામ મેળવી આગામી ૨૦૧૯ની ચૂંટણીઓ માટેનું પ્લેટફોર્મ અત્યારથી જ તૈયાર કરવા હાકલ કરી હતી.

# અરવલ્લી જિલ્લામાં 'દો બુંદ જીંદગી કે લિયે' પોલિયો રસીકરણ ઝુંબેશ

અરવલ્લી, તા. ૨૮

૨૮ જાન્યુઆરી પોલિયો રસીકરણના અભિયાન હેઠળ અરવલ્લી જિલ્લામાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. અમરનાથ વર્માની સીધી દેખરેખ નીચે જિલ્લામાં ૨૮ જાન્યુઆરી રવિવારે ૨૪૦૮ આરોગ્ય કર્મચારીઓ પોલિયો રવિવાર અંતર્ગત ૦ થી ૫ વર્ષના ૧ લાખથી વધુ બાળકોને પોલિયો રસી પીવડાવી પોલિયો સામે સુરક્ષિત



કરાયા હતા. આરોગ્ય વિભાગ દ્વારા પોલિયોની રસીકરણથી કોઈ બાળક વંચિત ના રહે તે માટે પોલિયો રસીકરણ અભિયાન અંતર્ગત રવિવારે બુથ પર અને સતત બે દિવસ સુધી આરોગ્ય કર્મચારીઓ તેમના વિસ્તારમાં ડોર ટુ ડોર સંપર્ક સાધી જરૂરીયાતમંદ બાળકોન પોલિયોનો ડોઝ પુરો પાડવામાં આવશે.

# અરવલ્લી જિલ્લાના મોડાસામાં મુકબધિરોનું સ્નેહ સંમેલન યોજાયું

મોડાસા, તા. ૨૮

મોડાસા શહેરમાં રાજ્યના મુકબધીર લોકોનું સ્નેહમિલન સમારોહ યોજાયો હતો. આ સંમેલનમાં ૨૦૦ જેટલા મુકબધીરોએ ભાગ લીધો હતો. જેમાં ગુજરાત ઉપરાંત રાજસ્થાનના મુકબધિરો પણ જોડાયા હતા. અરવલ્લી મુકબધીર માનવ સેવા ટ્રસ્ટ, જાયન્ટ ઈન્ડિયા અને જેસીસ ક્લબ મોડાસા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

મોડાસા શહેરમાં યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમ મુખ્યત્વે મુકબધિરોને સંલગ્ન સામાજિક અને આર્થિક તથા તેમના પુનર્વસનના પ્રશ્નોને વાચા આપવા માટે રાજકીય આગેવાનો તથા વિવિધ સંસ્થાઓ દ્વારા સરકારમાં અને સમાજમાં રજૂ કરાય તેવા પ્રયત્નો થાય તેવું આયોજન કરાયું. આ પ્રસંગે મુકબધીર યુવક યુવતી દ્વારા પોતાની કલા રજુ કરી હતી અને તેઓ પણ આ સમાજનો એક ભાગ છે તેમ દર્શાવ્યુ હતુ. બાળકોએ તેમના કૌશલ્ય રજુ કર્યા હોય તેમને સર્ટી તથા મોમેન્ટો આપી સન્માનિત કરવાનું કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આવા દિવ્યાંગ બાળકોને પ્રોત્સાહિત કરવા માટે મોડાસા નગરના વરિષ્ઠ નાગરીકો ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોને દિવ્યાંગ બાળકો દ્વારા ફૂલછડી આપી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં અરવલ્લી જિલ્લા માનવ સેવા ટ્રસ્ટના અમિત કવિ, જાયન્ટસ ઈન્ડિયાના ટ્રસ્ટી નિલેશ જોશી, પ્રમુખ નિકેશ પરમાર, જેસીસ મિલ્ક કમિટીના ચેરમેન નવનીત પરીખ, જિલ્લા ખરીદ વેચાણ સહકારી સંઘના ચેરમેન પ્રભુદાસ પટેલ, સાહિત્યકાર જીગ્નેશ સુથાર સહીત જિલ્લાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



## ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવ અને દ્વિતિય વાર્ષિક પાટોત્સવની ઉજવણી

પ.પુ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી કૌશલેન્દ્ર મહારાજજી તથા સમગ્ર ધર્મકુળના રૂડા આશીર્વાદથી તથા સ.ગુ. ભંડારી સ્વામીશ્રી, શ્રી જાનકી વલ્લભદાસજીની શુભ પ્રેરણાથી તથા સ.ગુ. અને શ્રી ધર્મસ્વરૂપ દાસજીના માર્ગદર્શન મુજબ ધનસુરા સ્વામીનારાયણ મંદિરમાં શાકોત્સવની ઉજવણી કરાઈ હતી. સાથે દ્વિતિય પાટોત્સવની પણ ઉજવણી કરાઈ હતી. ભગવાનના દર્શન અને પ્રસાદનો હજારો હરિભક્તોએ લાભ લીધો હતો. ધનસુરા સ્વામિનારાયણ મંદિરમાં શાકોત્સવની ઉજવણી કરાઈ હતી. સંતો અને હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. હરિભક્તોએ રીંગણનું ભરથુ, બાજરીનો રોટલો, કડી, ખીચડી, આથેલા મરચા, ગોળ અને ઘી નો પ્રસાદ લીધો હતો.



અરવલ્લી જિલ્લામાં વડાગામ ગામે ઠાકોર ગોપાલસિંહજી શ્રેયસ વિદ્યાલયની છાત્રા ખલીફા મદીનાબેન સલીમભાઈ નેશનલ કક્ષાએ કુસ્તીમાં પ્રથમ આવતાં તેણીના વરદ હસ્તે શાળામાં ધ્વજવંદન કરીને ૬૯ મા પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે મંડળના પ્રમુખ પૂર્વ ધારાસભ્ય દિલીપસિંહ પરમાર અને આચાર્ય ગુણવંતસિંહ ચંપાવત સહિત મોટી સંખ્યામાં સ્થાનિકો તેમજ બાળકો ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વીમીંગ પુલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સાથે જીમખાના ક્રિકેટ મેદાનને પણ નવી ડિઝાઈન સાથે તૈયાર કરવામાં આવી રહયુ છે. રણજી ટ્રોફી સહીત ઉચ્ચ કક્ષાની ક્રિકેટ ટુર્નામેન્ટ અહીં રમી શકાય તે મુજબની અધ્યતન પેટર્નને ધ્યાને લઈ સ્ટેડિયમ અને પીચને આખરી ઓપ આપવા માટે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. જયારે શહેરમાં બાળકો માટે એક પણ સ્વીમીંગ પુલ ન હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા ખાસ બાળકો માટે સ્વીમીંગ પુલ બનાવાની પણ તૈયારી કરવામાં આવી રહી છે. સે-૧૯ જીમખાનામાં ખાસ બાળકોને અનુલક્ષી સ્વીમીંગ પુલ તૈયાર કરવામાં આવશે. જયારે ૬૦ સ્કવેર મીટરની જગ્યામાં દોઢ ફુટની ઉંડાઈ ધરાવતા આ સ્વીમીંગ પુલ પાછળ અંદાજિત રૂ ૩૦ લાખનો ખર્ચ કરવાનુ આયોજન છે. આ ઉપરાંત સે-૧૯ જીમખાનાના હયાત સ્વીમીંગ પુલનુ પણ રીનોવેશન કરવામાં આવશે.જીમખાનામાં પાર્કીંગની સુવિધાને અપગ્રેડ કરવા માટે પણ ખર્ચ કરવામાં આવશે. હયાત પાર્કીંગ વ્યવસ્થાને પણ યોગ્ય કરવામાં આવશે. આ સઘળી કામગીરી પાછળ કુલ રૂ ૧.૫૦ કરોડનો ખર્ચ કરવામાં આવશે.

## જાહેરનામુ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પર અસરકર્તા જોવા મળશે તેવુ રાજકીય નિરીક્ષકોનું માનવુ છે.

૫૦ ટકા મહિલા અનામત હોવાથી આ ચૂંટણીમાં મહિલા મતદારો નિર્ણાયક બનશે તેવી ગણતરીઓ પણ મંડાઈ રહી છે. બન્ને પક્ષો દ્વારા નિરીક્ષકો નીમી અને ઉમેદવારોની પેનલો તૈયાર કરી દેવામાં આવી છે અને ૧લી અથવા ૨જી ફેબ્રુઆરીએ ઉમેદવારોની સત્તાવાર ઘોષણા કરી દેવાશે. બન્ને પક્ષો દ્વારા યુવા ઉમેદવારોની પસંદગીને અગ્રતા અપાશે તેમ પક્ષોના નિકટવર્તી સૂત્રોએ જણાવ્યુ છે.

## બસ સેવા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બસસેવા બંધ કરવામાં આવી હતી. એસ ટી બસોને સળગાવાના બનાવો પ્રકાશમાં આવતા એસ ટી નિગમને પણ લાખોનુ નુકશાન થયુ હોવાનુ ધ્યાને આવ્યુ હતુ. બીજીતરફ એસ ટી નો વાહનવ્યવહાર ખોરવાતા મુસાફરોએ પણ હાલાકી મુકાવવુ પડયુ હતુ. જો કે હાલ પણ કેટલાક રૂટોમાં એસ ટી સેવા નિયમિત ન થઈ હોવાનો રોષ ઉઠવા પામ્યો છે. પરંતુ પરિસ્થિતિ થાળે પડતા ઉત્તર ગુજરાત તરફની બસ સેવા શરૂ કરી દેવામાં આવી છે. પરંતુ હજુ માણસા વિજાપુર રૂટમાં બસો દોડતી નથી. જેના લીધે આ રૂટમાં આવતા ગામોમાં પણ એસ ટી બસ સેવા ખોરવાઈ છે. છેલ્લા દસ દિવસથી આ વિસ્તારના ગામોમાં એસ ટી બસ સેવા ન મળતા ગ્રામજનો ત્રાહીમામ પોકારી ગયા છે. ગ્રામજનોને ખાનગી વાહનોનો આશરો લેવો પડે છે. સલાતમ સવારી એસ ટી અમારી તેમને નસીબ થતી નથી. આ રૂટમાં નિયમિત બસ સેવા શરૂ થાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## મોળો પ્રતિસાદ...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજના આ અભિયાનમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી કલોલ તાલુકામાં ગયા હતા. જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. સોલંકીએ પણ ગાંધીનગર, કલોલમાં મુલાકાત લીધી હતી. તો અધિક જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. પિયુષ પટેલે દહેગામ તેમજ અર્બન વિસ્તારમાં ફર્યા હતા. આર.સી.એચ.ઓ. ડૉ. નાયક માણસા, જિલ્લા મેલેરિયા અધિકારી મમતાબેન દત્તાણીએ ગાંધીનગર તાલુકાના બુથોમાં ફરી અને સમગ્ર કામગીરીનું મોનીટરીંગ તેમજ માર્ગદર્શન કર્યું હતું.

## સંબંધ સજાવે જીંદગી

● અનુસંધાન બીજાનું ચાલુ

ડગેલી ભૂમિકાના પિતાનુ થોડા વર્ષો પૂર્વે હાર્ટએટેકથી અવસાન થયુ, ત્યારથી પિતાની પૂણ્યતિથીએ કૂતરાંઓ ખીર ખવડાવવાનું ચાલુ કર્યુ છે. દર મહિને સાતેક હજારનો ખર્ચ તો માત્ર ડૉગ ફુડ પાછળ વાપરતી ભૂમિકાએ ઈન્ફેક્શન લાગેલા કે અન્ય રીતે બિમાર થયેલા કૂતરાંઓની સારવાર એટલી કરી છે કે તેને તમામ દવાઓ અંગે પણ જાણકારી પ્રાપ્ત થઈ ચૂકી છે. ચાર દિવસથી વાછરડું ફસાયેલુ હોવાથી અધરી પ્રસુતિથી પિડાતી ગાયની પ્રસુતિ કરાવવી, ગાડીની ટક્કરથી કમર તુટી ગયેલ કૂતરીને સતત સારવાર આપવી, ઈન્ફોસિટી પાસે ચામડીના રોગથી શરીર પરના વાળ ગુમાવી ચુકેલા શ્વાનને પોતાની સારવાર-માવજતથી ફરી વાળ ઉગાડી દેવા, કોઈએ કૂતરાને ડંડો મારતા ભાંગી ગયેલા હાડકાંનુ પ્લાસ્ટર કરાવી દોડતુ કરી દેવા જેવા અઢળક કિસ્સા તેમના આ જીવદયા કાર્યની સાક્ષી પુરે છે.

ઘર નજીક એક રોગીષ્ટ ગાયની દુર્ગંધથી કોઈ તેની પાસે જતું નહોતુ ત્યારે સતત ચાર દિવસ તેને બાટલાં ચઢાવવા સુધીની સેવા આપી ગાય જેને પ્રિય હતી તેવા કૃષ્ણની જન્માષ્ટમીએ આ ગાયને ઉભી કરી દેનાર ભૂમિકાએ અસંખ્ય મૃત કૂતરાં જેની સાઈઝ નાનાથી માંડીને પોતાના શરીર જેટલી હોવા છતાં પોતાની કારમાં લઈ જઈ યોગ્ય સ્થળે દફનવિધિ પણ કરી છે. સેક્ટરના રહીશોની ફરિયાદથી કંટાળી ઈન્ટરનેટ પર મુંબઈના ત્રણ યુવાનોએ ટેરેસ પરથી કૂતરાંને ફેંકી દીધાની ઘટનાને એક જીવદયા પ્રેમીએ અપાયેલ સજાના વિડીયોના આધારે એનિમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયામાં અરજી કરી લખનઉથી પોતાનું આઈડી કાર્ડ પણ બનાવડાવી દીધુ છે. એકવાર બિમાર ગાયની સારવાર માટે જીવદયામાં ફોન કરતા સામેથી જવાબ મળ્યો કે 'બેન અત્યારે સ્વાઈન ફ્લુનો વાવર ચાલે છે એટલે અમે તો નહી આવીએ પણ તમે પણ ગાયની પાસે ના જતા' આ સાંભળી 'ભાઈ તમે ઓફિસમાં જ બેસી રહો' તેવુ રોકડુ સંભળાવી ગાયની પોતાની રીતે સારવાર કરી ભૂમિકાએ તેને ચાલતી કરી દીધી હતી. આ સમયે પોતે ગર્ભવતી હોવા છતાં આ કાર્ય પાર પાડ્યું હતું. ઘરમાં જ પ્રાણીઓ માટેની દવા-ખોરાક-સારવારના સાધનો રાખતી ભૂમિકા કહે છે કે હું ઉત્તરાયણણાં ગાય-કૂતરાંને ખવડાવવા જતી નથી, કેમ કે તે સમયે બધા એટલુ બધુ ખવડાવે છે કે ગાયને આફરો ચઢી જાય છે અને કૂતરા ઉલ્ટી કરે છે. આ તમામ ધર્મપ્રેમીઓને મારે કહેવું છે કે 'માત્ર ત્રણ દિવસ સેવા કરવાથી પુણ્ય નહી મળે, સેવા કરવી જ હોય તો દરરોજ કરો.'

- પ્રતિભાવો આવકાર્ય, Samirlalod@yahoo.com

## બજેટ સત્ર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

બિલનો સમાવેશ થાય છે. શિયાળુ સત્ર ભારે તોફાની રહ્યું હતુ. સામાન્યરીતે ટૂંકા ગાળાનું કહ્યું હતું. ૧૫મી ડિસેમ્બરના દિવસે તેની શરૂઆત થઈ હતી. ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ પહેલા આની શરૂઆત થઈ હતી. શિયાળુ સત્ર દરમિયાન ૨૨ દિવસના ગાળા દરમિયાન ૧૩ બેઠકો થઈ હતી. લોકસભાની કાર્યવાહી ૯૧.૫૮ ટકા અને રાજ્યસભાની કાર્યવાહી ૫૬.૨૯ ટકા સુધી રહી હતી. આ સેશન ઐતિહાસિક રહ્યું હતું. કારણ કે, ૧૩ બિલ પસાર કરવામાં આવ્યા હતા. રાજ્યસભામાં નવ બિલ પસાર કરાયા હતા. બીજી બાજુ આવતીકાલથી શરૂ થઈ રહેલા શિયાળુ સત્રમાં બંને ગૃહો દ્વારા ૧૭ બિલ રજૂ કરાશે. બજેટ સત્ર દરમિયાન સરકાર ત્રિપલ તલાકને લઈને સૌથી વધારે પ્રાથમિકતા આપવાની ઈચ્છા ધરાવે છે. નાણામંત્રી અરુણ જેટલી બીજી વખત ગુરુવારના દિવસે બજેટ રજૂ કરશે.

## મહિમા કર્યો

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈ-રીક્ષા ચલાવી આત્મનિર્ભર બની રહી છે. આને લીધે માઓવાદ પ્રભાવિત વિસ્તારની છબી બદલાઈ છે. કલ્પાના ચાવલાના ઉલ્લેખ સાથે મન કી બાતનો આરંભ અને મહિલા સશક્તિકરણ પર ભાર મુક્યો છે. જિલ્લા વહીવટીતંત્ર પણ આ મહિલાઓની સફળતા માટે મહત્વની ભૂમિકા ભજવી છે. સેલ્ફ કરેકશન ભારતની પરંપરા છે અને આપણને વારસામાં મળી છે. તેમા સામાજિક સમસ્યાનો ઉકેલ છે. વડાપ્રધાને જણાવ્યું હતું કે એક પુત્રી ૧૦ પુત્રો સમાન છે. બિહારમાં ૧૩ હજાર કિમી લાંબા માનવ શ્રૃખલા રચાઈ હતી અને બાળ વિવાહ અને કુરિવાજ સામે લડવાનો સંકલ્પ કરાયો હતો.

## ગરમાયું

● અનુસંધાન પહેલાનું ચાલુ

છે. જેને લઈને ગુરુવારે અપાયેલું બંધનું એલાન આંશિક રૂપે સફળ રહ્યું હતું. તે દિવસે ભાજપ અધ્યક્ષ અમિત શાહ કર્ણાટકની મુલાકાતે હતા. અમિત શાહે તેમની મૈસૂરમાં રેલીને નિષ્ફળ બનાવવાનું કાવતરૂ હોવાનો આરોપ લગાવ્યો. તો મુખ્યપ્રધાન સિદ્ધારમૈયાએ કહ્યું કે બંધને કોંગ્રેસ સાથે કોઈ લેવા-દેવા નથી. તે બંધ ખેડૂતોના વિવિધ સંગઠનોએ આપ્યું હતું.